ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓમાં આચાર્ય અને
મદદનીશ શિક્ષકોની ભરતી માટેની પધ્ધતિ
નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/WOH/e-file/17/2022/0005/CHH-1 PF-2
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૧/૨૦૨૫

17 APR 2025

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨/૦૯/૨૦૨૩ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦/૦૬/૨૦૨૪ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૦/૦૮/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક :- પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨

(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૭/૦૭/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક :- પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગર.

(૫) શિક્ષણ વિભાગનો તા.૧૭/૦૩/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક :- પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક.

(૬) નિયામકશ્રી સમાજ સુરક્ષાનો તા.૧૧/૧૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક :-DSD/APG/e-file/226/2022/0190/APG Branch.

સુધારા ઠરાવ:-

વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના વિભાગના તા.૨૨/૦૯/૨૦૨૩ના ઠરાવથી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓમાં આચાર્ય અને મદદનીશ શિક્ષકોની ભરતી માટેની પધ્ધતિ નક્કી કરવામાં આવેલ છે. તેમજ વંચાણે લીધેલા ક્રમાંક (૨) પરના વિભાગના તા.૧૦/૦૬/૨૦૨૪ના ઠરાવથી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓમાં આચાર્ય અને મદદનીશ શિક્ષકોની ભરતી માટેની ગુણાંકન પધ્ધતિમાં સુધારો કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલા ક્રમાંક (૩) અને ક્રમાંક (૪) પરના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવોથી સીધી ભરતીમાં રાખવામાં આવતી પ્રતીક્ષાયાદીનુ કદ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના ૨૦% રાખવાનું રહેશે, તેમ ઠરાવેલ છે. તેમજ વંચાણે લીધેલા ક્રમાંક (૫) પરના શિક્ષણ વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૩ના ઠરાવથી પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિએ ઉમેદવારોની પસંદગી યાદીમાં દર્શાવેલી જગ્યાઓની ૨૦ ટકાની મર્યાદામાં કેટેગરી વાઇઝ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાની રહેશે. આ પ્રતિક્ષાયાદી તૈયાર થયા તારીખથી એક વર્ષ અથવા પછીની ભરતી પ્રક્રિયા માટે જાહેરાત અપાય તે તારીખના આગળના દિવસના કચેરી સમય એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે. આ સમય મર્યાદા પૂર્ણ થતાં તે પ્રતિક્ષાયાદી આપોઆપ રદ થયેલ ગણાશે, તેમ ઠરાવેલ છે. નિયામકશ્રી સમાજ સુરક્ષા દ્બારા વંચાણે લીધેલા ક્રમાંક (૬) પરના પત્રથી મેરીટયાદી બનાવી પ્રતીક્ષાયાદી તૈયાર કરવા બાબતે સુધારો કરવા વિનંતી કરેલ હતી. પુખ્ત વિચારણાને અંતે ઉક્ત ઠરાવની શરત નં.૯માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

**( ૯) "સામાન્ય વહીવટ વિભાગના તા.૧૦/૦૮/૨૦૧૬, તા.૨૭/૦૭/૨૦૧૮ તેમજ તા.૧૦/૧૨/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક :- પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨ તથા તેમા વખતો વખતના સુધારા મુજબ દર્શાવેલી જગ્યાઓની ૨૦ ટકાની મર્યાદામાં કેટેગરી વાઇઝ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાની અને આ પ્રતિક્ષાયાદી તૈયાર થયા તારીખથી એક વર્ષ અથવા પછીની ભરતી પ્રક્રિયા માટે જાહેરાત અપાય તે તારીખના આગળના દિવસના કચેરી સમય એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે. "**

**i. જો જાહેરાતમાં કેટેગરી વાઇઝ ૦૧ થી ૧૦ જગ્યાઓ હોય, તો કેટેગરીવાઇઝ ઓછામાં ઓછા ૦૨ ઉમેદવારોની પ્રતિક્ષાયાદી અવશ્ય બનાવવાની રહેશે.જો કેટેગરી વાઇઝ જગ્યાની સંખ્યા ૧૦ થી વધુ હોય તો જગ્યાની સંખ્યાના ૨૦% જેટલા ઉમેદવારોની પ્રતિક્ષાયાદી બનાવવાની રહેશે. જગ્યાની સંખ્યા સામે ૨૦% પ્રમાણે ગણતરી કરતા જો સંખ્યા અપૂર્ણાંકમાં આવે, તો નજીકની ઉપરની પૂર્ણાંક સંખ્યાને ધ્યાને લઈ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાની રહેશે. (દા.ત. કોઇ એક કેટેગરીમાં ૧૨ જગ્યાઓ હોય તો ૧૨ ના ૨૦% લેખે પ્રતિક્ષાયાદીનું કદ ૨.૪ થશે, તે સંજોગોમાં તે કેટેગરી માટે ઉપરની પૂર્ણાંક સંખ્યા ધ્યાને લઈ ૦૩ ઉમેદવારોની પ્રતિક્ષાયાદી બનાવવાની રહેશે.) પ્રતિક્ષાયાદીનું કદ નિર્ધારીત કરવા જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઇઝ સંખ્યાને ધ્યાને લેવાની રહેશે. જે ઉમેદવારોનો સમાવેશ સફળ ઉમેદવારોની યાદીમાં અથવા પ્રતિક્ષાયાદીમાં થઈ શક્યો ન હોય, તે ઉમેદવારોને અસફળ ઉમેદવારોની યાદીમાં દર્શાવવાના રહેશે.**

ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓમાં આચાર્ય અને મદદનીશ શિક્ષકોની ભરતી માટે મેરીટયાદી બનાવી પ્રતીક્ષાયાદી તૈયાર કરવા બાબતે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૦/૦૮/૨૦૧૬ના તેમજ તા.૨૭/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક :- પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨ની અન્ય જોગવાઇઓ તથા સરકારશ્રીના વખતો વખતના સુધારા લાગુ પડશે.

ઉક્ત સુધારા ઠરાવની અમલવારી ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી કરવાની રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર મળેલ માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

1. માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
6. છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
7. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
8. સિલેકટ ફાઈલ.